

અબોલ જીવ પ્રત્યે અનુકંપાનું ઉદાહરણ સેક્ટર-૬માં સ્થિત 'બોમ્બે હેર આર્ટ'ના માસ્ટરજી અને તેમના સાથી એક રખડતાં બિમાર શ્વાનને છેલ્લા ૩-૪ દિવસથી સારવાર આપી રહ્યા છે. પશુઓના ડૉક્ટરે પણ કહી દીધુ છે હવે બચવાનો પ્રયત્ન નીરર્થક છે. છતાં માસ્ટરજી થાકવા માંગતા નથી. તેમને વિશ્વાસ છે અને તેથી જ અર્ધ મુત હાલત શ્વાનને બચાવવા મહેનત કરી રહ્યા છે. સલામ છે તેમની દયા અનુકંપાને... (તસવીર : કશ્યપ નીમાવત)

# સુકન સાઈન કેસના પાંચ આરોપીઓની આગોતરા જામીન અરજી કોર્ટે ફગાવી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીકના કુડાસણ સ્થિત સુકાન સાઈન છેતરપીંડી કેસમાં તમામ આરોપીઓની આગોતરા જામીન અરજી આજે ગાંધીનગર કોર્ટે ના મંજૂર કરી છે.

ગાંધીનગર પાસેના કોબા-કુડાસણ ડ્રાફ્ટ ટીપી સ્કીમ નં. ૩ માં શુકન ગૃપ દ્વારા બાંધવામાં આવી રહેલ શુકન સાઈન સ્કીમમાં મટીરીયલ્સથી માંડી મજૂર પુરા પાડનાર સપ્લાયર્સના કરોડો રૂપિયા ફસાતા સપ્લાયર્સ બિલ્ડર સામે મેદાને પડ્યા હતા. અને સપ્લાયર્સ એસોસીએશને ગાંધીનગર જિલ્લા પોલીસ વડાને બિલ્ડર સહિત ૧૨ આરોપીઓ સામે ફરિયાદ નોંધવા અરજી આપી હતી. પરિણામે સીટની તપાસ બાદ ગુનેગારો સામે કાયદેસરની કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ વડા દ્વારા બાહેંધરી આપવામાં આવી હતી.

ઘરનું ઘર બનાવવાનું સપનું જોતા અનેક પરિવારની જીવનભરની કમાણી ચાઉ કરી જનાર બિલ્ડર ગૃપ શુકનના સંચાલકો સામે એક પછી એક ફરિયાદ દાખલ થઈ હતી.

સપ્લાયર્સ દ્વારા આપવામાં આવેલ ફરિયાદ અરજીમાં શુકન કોર્પોરેશન પ્રા.લિ.ના ડાયરેક્ટર રમેશ પટેલ ઉપરાંત સ્કીમના બોગસ રીતે દસ્તાવેજો કરાવી લેવાના આક્ષેપ સાથે મહેશ ફકીરચંદ મહેતા, રાજીવ મહેશ મહેતા, રોનક મહેશ મહેતા, કીર્તિ ફકીરચંદ મહેતા, ચિરાગ કિર્તી મહેતા, રોહત કોઠારી, મયુર શાહ, જીજ્ઞેશ પટેલ, વિષ્ણુ પટેલ, પંકજ પટેલ તથા લાલાભાઈ ઉર્ફે રણછોડભાઈના નામ દર્શાવી એફીડેવીટ સાથે ૧૦ જેટલા દસ્તાવેજી પુરાવા પોલીસને આપવામાં આવ્યા હતા. આથી પોલીસે તપાસનો દોર શરૂ કર્યો હતો. ધરપકડથી બચવા માટે મહેશ ફકીરચંદ મહેતા, રાજીવ મહેતા, રોનક મહેતા, કિર્તી મહેતા અને ચિરાગ મહેતાએ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. કેસની ગંભીરતા જોતા ગાંધીનગર જિલ્લા કોર્ટના જજ શ્રી રાવે તમામ આરોપીઓની આગોતરા જામીન અરજી ના મંજૂર કરી હતી.

# આવતીકાલે જીઆઈપીએસનો વાર્ષિકોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલનો ૧૦મો વાર્ષિકોત્સવ તા. ૧૮મી ફેબ્રુઆરીએ સે. ૧૭માં ટાઉનહોલ ખાતે યોજાશે. આ વાર્ષિકોત્સવ બપોરે ૧.૪૫ વાગે પ્રારંભ થશે. જેમાં મુખ્ય મહેમાન પદે જાણીતા સાહિત્યકાર અને વક્તા ડૉ. કેશુભાઈ દેસાઈ ઉપસ્થિત રહેશે.

જીઆઈપીએસના આ વાર્ષિકોત્સવમાં બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરાશે. જેમાં બારીશ આઈ, દોસ્તી જીંદાબાદ, મીરાંબાઈ, રાજસ્થાની નૃત્ય, ચાણક્ય, જુગલબંધી, મીસિંગ સ્કૂલ, ડોલ હાઉસી, મહાન અશોક, શ્રવણ, બેટી બચાવો, મહિષાસુર મર્દિની, ઈન્ડીયવાલે, ભાંગડા નૃત્ય અને ગરબાનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય રંજનબેન વૈદ્ય અને ઉપ આચાર્ય ફિનાબેન ક્રિશ્ચિયન સહિત તમામ કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી.

## આજે સેક્ટર-૨૬માં સુંદરકાંડ પાઠ

મહાશિવરાત્રીના પાવન અવસરે સંજયભારતી બાપુની વ્યાસપીઠે આજરોજ મંગળવાર, રાત્રે ૮.૩૦ વાગે સેક્ટ-૨૬ જયપ્રકાશ સ્કૂલના મેદાનમાં સુંદરકાંડ પાઠ અને રાત્રી ભજન કાર્યક્રમ યોજાશે.

## આજે રાંધેજા ખાતે સુંદરધામમાં શિવપૂજા

ગાંધીનગર પાસે આવેલ રાંધેજા ખાતે સુંદરધામ શ્રી કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મંદિર ધામમાં સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાક દરમિયાન શિવપૂજા કરવામાં આવશે.

## આજે સે-૩/બીમાં આનંદનો ગરબો

મેલડી-આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજરોજ મંગળવારે રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન જ્યોત્સનાબેન શર્માના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૩૭૯/૧, સેક્ટર-૩-બી, ચર્ચની સામે યોજવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લાભ લેવા પ્રફુલાબેન ભાવસારે જણાવ્યું છે.

## સે-૨/બી ચંન્દ્રમૌલેશ્વર મહાદેવ મંદિરે વિવિધ કાર્યક્રમો

સેક્ટર-૨-બી ચંન્દ્ર મૌલેશ્વર મહાદેવ મંદિરે મહાશિવરાત્રીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. સવારે લઘુરૂદ્ર અને હોમાત્મક શિવયજ્ઞ કરવામાં આવશે. તેમજ રાત્રે શિવ આરાધના મહિલા મંડળ દ્વારા ભજન અને રાત્રે પ્રહરની પૂજા કરવામાં આવશે.

## સેક્ટર-૨૬ શિવકથામાં શિવ વિવાહ પ્રસંગ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

સેક્ટર-૨૬ કિસાનનગર ખાતે ચાલતી શિવમહાપુરાણ કથામાં ત્રીજા દિવસે અને મહાશિવરાત્રીના પાવન દિવસે શિવ વિવાહ પ્રસંગ યોજાશે. જય પ્રકાશ સ્કૂલના મેદાનમાં ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજાઈ રહેલ કથામાં ૨.૩૦ કલાકે શિવભક્તોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## ચૌધરી કોલેજમાં નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

સેક્ટર-૭ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સ્વામિ વિવેકાનંદ વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્વર્ણિમ ગુજરાત સપ્તધારાની જ્ઞાનધારા અંતર્ગત યોજાયેલ નિબંધ સ્પર્ધામાં વિજેતા પ્રથમ ત્રણ વિદ્યાર્થીનીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે મનીષા ચૌધરી, સંચાલન તારા દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચક્ષુદાન લેવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૬

● ગાંધીનગર તાલુકાના હાલીસામાં રહેતા દહીબેન મગનભાઈ વાળંદનું ૯૫ વર્ષે નિધન થયું છે. સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન સુરેશભાઈની મંજુરીથી જુસિકા દ્વારા લેવામાં આવ્યું છે. આ કાર્યમાં ડૉ. મીત જુસિકાના કાર્યકર સન્ની વાઘેલા, રાજુ વાઘેલાએ સહયોગ પુરો પાડ્યો હતો.

● ગાંધીનગરના સેક્ટર-૨૧માં રહેતા ચંદ્રકાન્ત કેશવલાલ સુખડિયાનું ૬૮ વર્ષે નિધન થયું છે. સ્વર્ગસ્થના કુટુંબીજન મહેશભાઈ સુખડિયાની મંજુરીથી જુસિકા દ્વારા ચક્ષુદાન લેવામાં આવ્યું છે. સેવાકીય કાર્યમાં ડૉ. મીત, જુસિકાના હિતેષ રાવલ સહયોગ આપ્યો હતો.

# પેથાપુરની જમીન મામલે ૫૦ લાખની છેતરપીંડી

ગાંધીનગર, તા. ૧૬

પેથાપુર સીમની જમીન વેચી દેનારને જમીન દસ્તાવેજ ન કરી આપી અંદાજે ૫૦ લાખની છેતરપીંડી કરનાર રાંધેજાના ઈસમ સામે આજે પેથાપુર પોલીસમાં ફરિયાદ થઈ હતી. જેથી પોલીસે ગુનો નોંધી છેતરપીંડી કરનાર સામે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક રાંધેજા ગામના વતની મનીષ શીવશંકર જાનીએ ભાઈના ભાગીદારની પેથાપુરની સીમની સર્વે નં. ૨૪૫૩/૧ હે.આર. ૨-૪૫-૮ની જમીન આવેલ હોઈ જે પૈકી ૦-૭૨-૦૦ વાળી જમીન દર્શાવી રાંધેજાના ભાવેશ તેજમલ રબારીને રૂ. ૨૦ લાખ ઉચ્ચક નક્કી કરી હતી અને અઢાર લાખ રૂપિયા આપી નોટરી કરાવી બાનાખત કબ્જા વગરનો કરી આપ્યો હતો. બાદમાં ભાવેશે બાકીના નાણાં લઈ અવારનવાર જઈ દસ્તાવેજ કરી આપવા મનીષને જણાવ્યું હતું. પરંતુ મનીષ તરફથી યોગ્ય જવાબ ન મળતા ભાવેશે કોર્ટ દ્વારા નોટીસ ફટકારી હતી. આથી મનીષે બાદમાં જમીનના રૂ. ૩૨ લાખ બજાર કિંમત મુજબ આપવા જણાવ્યું હતું અને ભાવેશે આપ્યા હતા તેમ છતા ૫૦ લાખ રૂપિયા લઈ દસ્તાવેજ ન કરી આપી છેતરપીંડી કરી હોવાની ફરિયાદ પેથાપુર પોલીસમાં નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## આજે પાળજ ખાતે અમરપુરી મહારાજની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના જાણીતા એડવોકેટ અશ્વિન ત્રિવેદી દ્વારા મહેસાણા તાલુકાના પાલજ ગામે આવેલ ગુરૂ અમરપુરીજી મહારાજની જીવંત સમાધી ખાતે પડાલા મંદિર અને મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરાવાઈ રહી છે. આ પ્રાણપ્રતિષ્ઠા તા. ૧૭મી ફેબ્રુઆરી મહાશિવરાત્રીના દિવસે યોજાશે. જેમાં લઘુરૂદ્રનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

પાલજ ખાતેની ગુરૂ અમરપુરીજી મહારાજની આ સમાધિ આશરે ૧૫૦ વર્ષ જૂની છે અને આસપાસના ૫૦ ગામોની શ્રદ્ધાળુ જનતા અહીં બાધા-માનતા-આખડી માટે આવે છે. એવું કહેવાય છે કે આ સમાધિ મંદિરનું પાણી પીવાથી બાધા લેવાથી સાપ, વીંછી જેવા ઝેરી જાનવરનું ઝેર ઉતરી જાય છે. આ પગલાં મંદિરનો જિર્ણોદ્ધાર અશ્વિન ત્રિવેદીએ સ્વખર્ચે કર્યો છે. અને મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા મહા શિવરાત્રીના પવિત્ર દિવસે યોજેલ છે. જેનો લાભ લેવા ભાવિક ભક્તોને જાહેર આમંત્રણ પાઠવ્યું છે.



## ઓમ લેન્ડમાર્ક સંકુલમાં સ્પોર્ટસ ડે ઉજવાયો

ઓમ લેન્ડમાર્ક સ્કૂલમાં ૧૩મી ફેબ્રુઆરીના રોજ સ્પોર્ટસ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના કે.જી. થી ૧૧ કોમર્સના કુલ ૮૦૦ વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લી પોતાની આંતરીક પ્રતિભાવોની રજૂઆત કરી હતી. વિદ્યાર્થીઓ સિવાય તેમના વાલીઓએ પણ આ શુભ દિને હાજરી આપીને તેમણે પણ ઉત્સાહપૂર્વક રમતોમાં ભાગ લઈ આનંદ માણ્યો હતો. રમતોમાં દોડ, કૂદ ફેંક, રસ્સાખેંચ, વોલીબોલ, બેડમિન્ટન, સંગીતખુરશી, બેલેન્સિંગ હેડ, લીંબુચમચી, કોથળા દોડ વગેરે જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ તે દિવસની શરૂાતમાં વિદ્યાર્થીઓ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું સુતરની આંટી તેમજ સ્વાગત ગીત પર નૃત્ય કરી સ્વાગત કર્યું અને પરેડ તેમજ લેઝિમ, ડમ્બેલ્સ, જિમ્નાસ્ટિક અને એમ.ડી.ના દાવ કરી પોતાની શારીરિક શક્તિઓનું પ્રદર્શન કર્યુંહતું. ઉત્સાહ અને આનંદપૂર્વક આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

(તસવીર : દિલીપ પ્રજાપતિ)





સેક્ટર-૨૨ પંચદેવ મંદિર સામે ચ-રોડ પર સવારના સુમારે કાર ચાલકે સાઈકલ ચાલકને અડફેટે લેતા સાઈકલ ચાલકને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. સાઈકલ ચાલકને તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

# શૌચાલયોને લોકઉપયોગ માટે ખુલ્લા મુકવાના પગલાને મહામંડળે આવકાર્યું

ગાંધીનગર, તા. ૧૬

પાટનગર ગાંધીનગર જ એક એવુ શહેર હતુ જ્યાં જાહેર શૌચાલયો હોવા છતાં ન હોવાનો અનુભવ મુલાકાતીઓ અને શહેરીજનો કરતા હતા. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા આ બાબતે માર્ચ-૧૯૯૬થી રજુઆતો, માહિતી અધિકાર હેઠળ અપીલો, માર્ગ-મકાન વિભાગ, ગુડા, મહાનગરપાલિકા સમક્ષ અનેક લેખીત સ્વરૂપમાં રજુઆતો છતા તંત્ર દ્વારા બેધ્યાન કરવામાં આવતા આ અતિગંભીર પ્રશ્નને વાચા આપવા તથા યોગ્ય વ્યવસ્થા કરવા માહિતી આયોગે ૨૦૦૬ અને ૨૦૧૩ના સ્પષ્ટ આદેશાત્મક ચુકાદાઓ છતાં વ્યવસ્થા ગોઠવવામાં આવતી ન હતી તે દુઃખદ વહીવટીય નગરની ઘટનાનો સુખદ અંત આવ્યો છે.

માર્ગ-મકાન વિભાગે ૧૩માંથી ૮ જાહેર શૌચાલયો ગાંધીનગર મહાનગરપાલિકાને હવાલે કર્યા છે અને શ્રી જી.આર. ચૌધરી તથા મેયરની મધ્યસ્થિથી અને સૂચના અનુસાર ૮ શૌચાલયો જાહેર જનતાના ઉપયોગમાં આવે તે રીતે શરૂ કરવામાં આવ્યા છે. તેને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ વતી અરૂણ બુચ, મયુર વ્યાસ, સુધીર દેસાઈ, કીશોર જીકાદરા, સી.પી. સોની, લતાબેન ચોકસી, શશીકાંત મોઢા, કશ્યપ મહેતા, ભરત દીક્ષીત સહીત સૌએ સુચારૂ આવકારી સુચારૂ રૂપે આ વ્યવસ્થા કાયમ માટે ચાલુ રહે તેવી અપેક્ષા સાથે જાહેર જનતાને પણ તેનો ઉપયોગ કરી વ્યવસ્થાને સફળ બનાવવા સહકાર આપવા અપીલ કરી છે.

માર્ગ મકાન વિભાગ પણ હજુ વધેલા પાચ શૌચાલયો, શોપીંગ પાછળ આવેલ શૌચાલયો અંગે જે માહિતી આયોગ દ્વારા સૂચવાયેલ છે તે મુજબ અમલ કરીને વ્યવસ્થામાં સુર પુરાવશે તેવી ગાંધીનગરના શહેરીજનો તથા ગાંધીનગર સહેર વસાહત મહામંડળ અપેક્ષા રાખે છે.

## ચિરવિદાય

- શિવદાસ લક્ષ્મણદાસ બાવાજી (ઉ.વ.૬૫) મુ. સાણંદ, તા. કડી, જી. મહેસાણા
- સ્વ.ચંદ્રકાન્ત કેશવલાલ સુખડીયા (ઉ.વ.૬૮) પ્લોટ નં. ૩૦૭, સે-૨૯, ગાંધીનગર
- સ્વ. ચંપાબેન બુદ્ધિસાગર શાહ (ઉ.વ.૮૮) પ્લોટ નં. ૮૬૪/૧, વૃંદાવન એપાર્ટમેન્ટ, સે-૨૧, ગાંધીનગર
- સ્વ. મોતીભાઈ ઉકાભાઈ મકવાણા (ઉ.વ.૯૮) પ્લોટ નં. ૫૧૨/૧, સે-૭બી, ગાંધીનગર
- સ્વ. મૂળીબેન પેથાભાઈ પરમાર (ઉ.વ.૯૦) પ્લોટ નં. ૩૯૯, ગાયત્રીનગર, સે-૨૭, ગાંધીનગર
- સ્વ. દિલીપસિંહ હરિસિંહ વાઘેલા (ઉ.વ.૭૧) બી-૧૮, રાધે બંગ્લોઝ, પેથાપુર, ગાંધીનગર
- સ્વ. ચૌહાણ રણજીતસિંહ ભીખાજી (ઉ.વ.૩૫) મુ. પેથાપુર, ગાંધીનગર

# આલમપુર પાસે વિદેશી દારૂ સાથે બે બુટલેગર ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીક આલમપુર પાટીયા પાસે સ્વીફ્ટ કારમાંથી પોલીસે બાતમીના આધારે ૩ પેટી વિદેશી દારૂ સાથે બે બુટલેગરને ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર ચિલોડા માર્ગ પર આલમપુર ગામ આવેલું છે. જ્યાં બુટલેગરો દારૂ ભરેલી કાર લઈ પસાર થઈ રહ્યા હોવાની બાતમી ચિલોડા પોલીસને મળતા પોલીસે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીની હકિકતવાળી કાર પસાર થતા પોલીસે જીજે-૦૯-





એમ.૫૩૮૩ નંબરની સ્વીફ્ટ કારને અટકાવી તેની તપાસ કરતા તેમાંથી ૩૫ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. આથી ચિલોડા પોલીસે કારમાં સવાર બુટલેગર મહેન્દ્રસિંહ બાબુસિંહ સોલંકી (રહે. આલમપુર) અને ગૌતમ કાળાજી ઠાકોર (રહે. શિહોલી મોટી)ની ધરપકડ કરી હતી અને રૂ. ૧૦,૫૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી કાર સાથે રૂ. ૧,૩૫,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. અને બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૨
સૂર્યાસ્ત : ૬.૩૮

## તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૩૭ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રોય : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
રોય : ૧૨.૦૦, ૯.૦૦
બેબી : ૩.૦૦, ૬.૦૦
સ્ક્રીન-૩ :
એમઓજી : ૧૧.૩૦, ૨.૦૦, ૬.૦૦, ૯.૩૦

### સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :
રોય : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
રોય : ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
સ્ક્રીન-૪ :
એમ.એસ.જી : ૧૨.૩૫
મીતવા(મરાઠી) : ૪.૦૦
ટેમ્પર (તેલુગુ) : ૭.૦૦
બેબી : ૧૦.૦૦
સ્ક્રીન-૫ :
રોય : ૧૦.૦૦
ષમિતાભ : ૩.૪૫
ખામોશીયાં : ૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૫ :
રોય : ૧૦.૦૦
ષમિતાભ : ૧૨.૪૫
બેબી : ૧૦.૦૦

### સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
રોય : ૮.૧૫, ૧૧.૨૫, ૯.૨૦
ષમિતાભ : ૨.૪૦
એમ.એસ.જી : ૫.૫૦
સ્ક્રીન-૨ :
રોય : ૯.૪૦, ૧૨.૨૦, ૪.૦૦, ૭.૧૦, ૧૦.૨૦
સ્ક્રીન-૩ :
એમ.એસ.જી : ૮.૪૦,
રોય : ૧૨.૧૦, ૩.૨૦
બેબી : ૬.૩૦
ષમિતાભ : ૯.૪૫
સ્ક્રીન-૪ :
એમ.એસ.જી : ૮.૦૦, ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

**વૃષભ** : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન-સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

**મિથુન** : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવચી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

**કર્ક** : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

**સિંહ** : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

**કન્યા** : ભૂમિ-સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

**તુલા** : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

**વૃશ્ચિક** : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**ધન** : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

**મકર** : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી. જિ. ગાંધીનગર